# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1) **નવી દિલ્હીમાં 16 મી બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સાલાહકારોની બેઠક યોજાઇ.**
2) **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઉલાનબાતારમાં મંગોલિયાના રાષ્ટ્રપતિ ખુરેલસુખ ઉખના સાથે મુલાકાત કરી.**
3) **ઉત્તર પ્રદેશના લખનૌમાં એક આગની ઘટનામાં 14 વિદ્યાર્થીઓના મોત.**
4) **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારત 100થી વધુ દેશોમાં સંરક્ષણ સાધનોની નિકાસ કરી આત્મનિર્ભર બન્યું.**
5) **બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે પ્રધાનમંત્રી અને લેબર પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપવાની જાહેરાત કરી.**
6) **ફિફા વર્લ્ડ કપ 2026માં ઇજિપ્તે ન્યુઝીલેન્ડ સામે વિજય મેળવીને પોતાની વિશ્વ કપની પ્રથમ જીત નોંધાવી.**

.....................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BRICS – NSA MEETING

નવી દિલ્હીમાં 16 મી બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સાલાહકારોની બેઠક યોજાઇ. આ બેઠક દરમિયાન, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ઈરાનની સુપ્રીમ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સંરક્ષણ વિભાગના ઉપસચિવ ગદીર નિઝામીપુર સાથે મુલાકાત કરી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને પક્ષોએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી. તેમણે બ્રિક્સ પ્લેટફોર્મ હેઠળ સહયોગ અને ભારત-ઈરાન દ્વિપક્ષીય સંબંધો પર પણ ચર્ચા કરી.

શ્રી ડોભાલે ઇથોપિયાની રાષ્ટ્રીય ગુપ્તચર અને સુરક્ષા સેવાના વિશ્લેષણ માટેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મિલિયન લેમા તાડેસે સાથે પણ મુલાકાત કરી. બંને પક્ષોએ ભારત-ઇથોપિયા વ્યૂહાત્મક ભાગીદારી વધારવા અને સહયોગના નવા ક્ષેત્રોની શોધખોળ કરવા અંગે ચર્ચા કરી હતી.

# JAISHANKAR – MONGOLIA – FM – MEET

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે મંગોલિયાના ઉલાનબાતારમાં મોંગોલિયન રાષ્ટ્રપતિ ખુરેલસુખ ઉખના સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે ગયા વર્ષે શ્રી ઉખનાની ભારત મુલાકાતથી ભારત-મંગોલિયા વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત થઈ હતી.

ડૉ. જયશંકરે મોંગોલિયામાં ગંડન મઠના ઉચ્ચ મઠાધિપતિ ખામ્બા નોમુન ખાન ગેશે લ્હારમ્પા દે જાવાઝાન્ડોર્જ સાથે પણ મુલાકાત કરી.

અગાઉ, વિદેશ મંત્રીએ ઉલાનબાતારમાં તેમના મોંગોલિયન સમકક્ષ, બટ્ટસેત્સેગ બટમુન્ખ સાથે મુલાકાત કરીબંને નેતાઓએ વિકાસ પ્રોજેક્ટ્સ, ક્ષમતા નિર્માણ, સંસ્કૃતિ, શિક્ષણ, સુરક્ષા અને બહુપક્ષીય મંચો પર દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા કરી.

ડૉ. જયશંકર તેમની મુલાકાતના બીજા તબક્કામાં  બુધવારે અને ગુરુવારે દક્ષિણ કોરિયાની મુલાકાત લેશે. આ દરમિયાન, મંત્રી વિદેશ મંત્રી ચો હ્યુન સાથે વાતચીત કરશે.

# SHAH – PORTAL LAUNCH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે નવી દિલ્હીમાં નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા-NAFED ના ઓક્શન પોર્ટલનું અનાવરણ કરશે. આ પોર્ટલનું અનાવરણ  હરાજી પ્રક્રિયામાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને સરળ કામગીરીને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સહકાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દરમિયાન, શ્રી શાહ NAFED ની ઘણી મહત્વપૂર્ણ ડિજિટલ અને ખેડૂત-કેન્દ્રિત પહેલોનું પણ અનાવરણ કરશે. આમાં ખેડૂતોના બાળકો માટે NAFED કલ્યાણ શિષ્યવૃત્તિ, કઠોળ અને તેલીબિયાંના સ્ટોક મેનેજમેન્ટ માટે દ્રષ્ટિ પોર્ટલ અને એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગને મજબૂત બનાવવા માટે એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ પોર્ટલનો સમાવેશ થાય છે.

# LUCKNOW – FIRE

ઉત્તર પ્રદેશના લખનૌના અલીગંજ વિસ્તારમાં આજે એક આગની ઘટનામાં 14 વિદ્યાર્થીઓના મોત અને કેટલાક લોકો ઘાયલ થયા છે અલીગંજના પુરાણિયા વિસ્તારમાં એક દુકાનની ઉપર ચાલતા કોચિંગ સેન્ટરમાં આગ લાગી હતી. ઘાયલ થયેલા લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આગ સંસ્થાની ઇમારતની અંદર લાગી અને ઝડપથી ફેલાઈ ગઈ હતી, તે એક શોપિંગ કોમ્પ્લેક્સ હતું જેમાં કોચિંગ, ગેમ ઝોન અને શોરૂમ હતા. ફાયર બ્રિગેડની ટીમો, પોલીસ કર્મચારીઓ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બચાવ અને સ્થળાંતર પ્રયાસો શરૂ કર્યા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં.

**(BYTE: YOGI ADITYNATH)ણ – CM UP**

# PREZ-VP-PM-LUCKNOW FIRE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના લખનૌમાં આગ દુર્ઘટનામાં થયેલા લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટનામાં થયેલા લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા સહાયની જાહેરાત કરી. શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું કે બચાવ કામગીરી ચાલી રહી છે અને અધિકારીઓ શક્ય તેટલી તમામ સહાય પૂરી પાડી રહ્યા છે.

# RAJNATH – EXPORT DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે ભારત 100થી વધુ દેશોમાં સંરક્ષણ સાધનોની નિકાસ કરી રહ્યું છે અને આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બની રહ્યું છે. આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં બોલતા સંરક્ષણ મંત્રીએ  જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, દેશની સેનાએ ફક્ત ભારતીય નાગરિકોની હત્યા માટે જવાબદાર લોકોને જ નિશાન બનાવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર ક્ષમતા અને સંસ્કૃતિ બંને પર ભાર મૂકીને મજબૂત ભારત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે, શ્રી સિંહે ભાર મૂક્યો હતો કે દેશની સંસ્કૃતિએ હજારો વર્ષોથી માનવતાને માર્ગ બતાવ્યો છે. તેમણે નાગરિકોમાં રાષ્ટ્રવાદની ભાવના જગાડવા બદલ ભારતીય સંતોની પ્રશંસા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# WB – BUDGET

પશ્ચિમ બંગાળ સરકારે તેના પહેલા પૂર્ણ બજેટ, વર્ષ 2026-27 માં વિવિધ રાજ્ય વિભાગોમાં 1 લાખ ખાલી જગ્યાઓ ભરવાની યોજના જાહેર કરી છે. આજે નાણામંત્રી સ્વપ્ન દાસગુપ્તા દ્વારા રજૂ કરાયેલ આ દરખાસ્તમાં મહિલાઓ માટે આ નવી જગ્યાઓમાંથી 33 ટકા અનામત રાખવામાં આવશે; જેમાં શિક્ષકો અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ માટે 50 હજાર અને પોલીસ વિભાગમાં 20 હજાર નિમણૂકોનો સમાવેશ થાય છે. નોકરી માટે સરકાર ઉપલી વય મર્યાદામાં હાલની પાંચ વર્ષની છૂટને વધુ બે વર્ષ લંબાવી રહી છે. જરૂરિયાત મુજબ અગ્નિવીરો માટે 10 ટકા અનામત રજૂ કરવામાં આવી છે.

બજેટમાં રાજ્ય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં 20 ટકાનો વધારો કરાયો જેથી આ વર્ષે 1 ઓક્ટોબરથી કુલ મોંઘવારી ભથ્થું 38 ટકા થઈ ગયું છે. પેન્શનરોને પણ મોંઘવારી ભથ્થામાં 20 ટકાનો વધારો મળશે.

સરકારે અન્નપૂર્ણા યોજના માટે 36 હજાર કરોડ ફાળવ્યા છે. બે મુખ્ય સંરક્ષણ કેન્દ્રોના વિસ્તરણ અને વિકાસને ટેકો આપવા હાસીમારા એરફોર્સ સ્ટેશનને 25 એકર અને કલાઈકુંડ એરફોર્સ સ્ટેશનને 37 એકર જમીન ફાળવવાનો પણ બજેટમાં પ્રસ્તાવ છે.

# STARMER – RESIGN

બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે પ્રધાનમંત્રી અને લેબર પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે પોતાના પક્ષમાં વધતા દબાણ વચ્ચે ડાઉનિંગ સ્ટ્રીટમાં પોતાનો કાર્યકાળ સમાપ્ત કર્યો.

રાજીનામાની જાહેરાત કરતા પહેલા, સ્ટાર્મરે તેમની પત્ની સાથે 10 ડાઉનિંગ સ્ટ્રીટ છોડી દીધું, જ્યાં લોકોએ ઉત્સાહ અને તાળીઓના ગડગડાટ સાથે તેમનું સ્વાગત કર્યું. તેમણે બે વર્ષ પહેલાંના ડાઉનિંગ સ્ટ્રીટમાં તેમના આગમનને તેમના જીવનનો "સૌથી ગર્વની ક્ષણ" ગણાવતા કહ્યું કે તેઓ લાખો લોકોના જીવનને બદલવાના ઉદ્દેશ્ય સાથે રાજકારણમાં પ્રવેશ્યા હતા. શ્રી સ્ટાર્મરે કહ્યું કે સપ્ટેમ્બરમાં સંસદ શરૂ થાય તે પહેલાં નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ તેમના પદ પર રહેશે.

# SHEKHAWAT – EODB SESSION

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે નવી દિલ્હીમાં પ્રવાસન અને આતિથ્ય ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે વ્યવસાય કરવાની સરળતા પર એક ઇન્ટરેક્ટિવ સત્રમાં ભાગ લીધો હતો. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે  જણાવ્યું કે પર્યટન અને આતિથ્ય ક્ષેત્રનો વિકાસ લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનું એક માધ્યમ છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર રોજગાર, વિકાસ અને સમૃદ્ધિ માટે નવી તકો ઉભી કરી રહી છે.

# RAJNATH-ISRAEL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં ઇઝરાયલના સંરક્ષણ મંત્રાલયના મહાનિદેશક સેવા નિવૃત્ત મેજર જનરલ અમીર બારામ સાથે મુલાકાત કરી. સંરક્ષણ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, શ્રી બારામે રાજનાથ સિંહને બંને દેશોની ખાસ વ્યૂહાત્મક ભાગીદારીના સંદર્ભમાં ભારત-ઇઝરાયલ સંરક્ષણ સહયોગ વધારવા માટે ઇઝરાયલની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# FIFA – WORLD CUP

ફિફા વર્લ્ડ કપ 2026માં ઇજિપ્તે આજે સવારે વાનકુવરમાં ન્યુઝીલેન્ડ સામે 3-1થી વિજય મેળવીને પોતાનો પહેલો વર્લ્ડ કપ વિજય નોંધાવ્યો. લિવરપૂલના સ્ટાર મોહમ્મદ સલાહે ટુર્નામેન્ટનો પોતાનો પહેલો ગોલ કર્યો. આ જીત સાથે, ઇજિપ્ત ગ્રુપ સીમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું.

આજે શરૂઆતમાં, ફ્લોરિડામાં ગ્રુપ H માં કેપ વર્ડે અને ઉરુગ્વે વચ્ચે 2-2 થી ડ્રો રમાઈ. આ પહેલા, એટલાન્ટામાં ગ્રુપ H માં સાઉદી અરેબિયા સામે 4-0 થી શાનદાર વિજય મેળવીને સ્પેને આગામી રાઉન્ડમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. સ્પેનના હવે ફક્ત બે મેચ રમ્યા બાદ ચાર પોઈન્ટ છે, જ્યારે સાઉદી અરેબિયાનો એક પોઈન્ટ છે.

આજે, ગ્રુપ J માં આર્જેન્ટિનાનો મુકાબલો ઓસ્ટ્રિયા સામે થશે. મેચ રાત્રે 10:30 વાગ્યે શરૂ થશે.

# DISHA – 2.0 CONTINUATION

સરકારે દિશા કાર્યક્રમના બીજા તબક્કા - ન્યાય સુધી સાર્વત્રિક એક્સેસ માટે નવીન ઉકેલોની શોધને મંજૂરી આપી છે. આ કાર્યક્રમ આ વર્ષની 1 એપ્રિલથી 31 માર્ચ, 2031 સુધી પાંચ વર્ષના સમયગાળા માટે નવા ફોર્મેટમાં લાગુ કરવામાં આવશે. કાયદા અને ન્યાય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કાર્યક્રમના બીજા તબક્કા માટે કુલ 255 કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે દિશાનો બીજો તબક્કો કેન્દ્રિયકૃત ડિજિટલ પ્લેટફોર્મ અને ટેકનોલોજી-સક્ષમ ન્યાય ડિલિવરી માટે AI-સંચાલિત ન્યાય સેતુ ચેટબોટનો ઉપયોગ કરશે. તે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય ચાર ઘટકોમાં કુલ 3 કરોડ લાભાર્થીઓ સુધી પહોંચવાનો છે. ન્યાય વિભાગના સચિવ નીરજ વર્માની અધ્યક્ષતામાં યોજાયેલી સ્થાયી નાણાકીય સમિતિની બેઠકમાં તેને મંજૂરી આપવામાં આવી હતી.

# EVE – CISF HQ

ગૃહ રાજ્યમંત્રી બાંદી સંજય કુમારે કહ્યું કે CISF ના જવાનો દેશના આર્થિક સૈનિકો તરીકે સેવા આપે છે અને તેની પ્રગતિનું રક્ષણ કરે છે. મંત્રીએ નવી દિલ્હીમાં CISF ના નવા ફોર્સ હેડક્વાર્ટર બિલ્ડિંગનો શિલાન્યાસ કરતી વખતે આ ટિપ્પણીઓ કરી. મંત્રીએ CISF ના પ્રોજેક્ટ મેન ની પ્રશંસા કરી, જે હજારો કર્મચારીઓ અને તેમના પરિવારોને તેમની માનસિક સુખાકારી સુનિશ્ચિત કરવા માટે સક્રિયપણે કાઉન્સેલિંગ પ્રદાન કરે છે.

આ પ્રસંગે, મંત્રીશ્રીએ 130 કરોડ રૂપિયાથી વધુના અનેક CISF માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન, મૃત્યુ પામેલ CISF કર્મચારીઓના પરિવારોને વ્યક્તિગત અકસ્માત વીમા યોજના હેઠળ 1 કરોડ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, CISF કર્મચારીઓના અપંગ દિવ્યાંગ બાળકોને કસ્ટમાઇઝ્ડ મોટરેબલ વ્હીલચેર પણ આપવામાં આવી હતી.